## ૧૮ અનાત્મશંસા અષ્ટક

શ્લોક-૧

ગુણૈર્યદિ ન પૂર્ણોઽસિ, કૃતમાત્મપ્રશંસયા
ગુણૈરેવાસિ પૂર્ણશ્ચેત્, કૃતમાત્મપ્રશંસયા ૧૮-૧

શબ્દાર્થ: ગુણૈઃ = ગુણો વડે, યદિ = જો, ન = નહિ, પૂર્ણઃ = પૂર્ણ અસિ = તું હોય, કૃતમ્ = કંઈ લાભ નથી, આત્મપ્રશંસયા = પોતાની પ્રશંસા કરવાથી, ગુણૈઃ = ગુણો વડે, એવ = જ, અસિ = તું છે, પૂર્ણઃ = પૂર્ણ; ચેત્ = જો, કૃતમ્ = શી જરૂર, આત્મપ્રશંસયા = પોતાની પ્રશંસાથી

શ્લોકાર્થ: જો તું ગુણો વડે પૂર્ણ નથી તો પોતાની પ્રશંસાથી શું લાભ છે? જો તું ગુણો વડે પૂર્ણ છે તો પોતાની પ્રશંસાની જરૂર શી છે?

ભાવાર્થ: પોતાની પ્રશંસા થાય એવી વૃત્તિ (Instinct) મનુષ્યમાં જન્મથી જ રહેલી હોય છે. પોતે કંઈક સારું કામ કર્યું તો બીજા એ જુએ છે કે નહિ, તે જોવા માટે માણસ ચારેબાજુ નજર ફેરવે છે. માણસ સ્વમુખે પોતાના ગુણોની પ્રશંસા ન કરે તો પણ બીજા એની પ્રશંસા કરે એમ ઇચ્છે છે અને કોઈ કરે તો મનમાં રાજી થાય છે.

શંકા: હું ધનવાન છું, પ્રભાવક છું, તપ કરું છું, દાન કરું છું આવા ઘણા ગુણો મારામાં છે. આ ગુણો મારામાં હોવાથી હું મારી પ્રશંસા કરું તેમાં ખોટું શું છે?

સમાધાન: ધનવાન થવું, સારો દેખાવ (રૂપ), દાન આપવું વગેરે જે ગુણો કહ્યા તે આત્માના ગુણો છે જ નહિ. પુણ્યોદયથી રૂપ મળ્યું તે પુદ્ગલ દ્રવ્ય છે. પુદ્ગલના ગુણો તે આત્માના ગુણો કેમ કહેવાય? દૂધમાં નાંખેલી સાકરથી દૂધ ગળ્યું લાગે તો ગળપણ એ દૂધનો ગુણ નથી. ગળપણ એ સાકરનો ગુણ છે. પુદ્ગલના ગુણો પુદ્ગલ દ્રવ્યની શોભા વધારે, તેમાં આત્માને શું લાભ?

ઉપાધ્યાયજી મુનિરાજને કહે છે કે જો તમો ગુણોથી પરિપૂર્ણ નથી અને તમે તમારા ગુણોની પ્રશંસા કરો તો તે અસત્ય કહેવાશે, અયોગ્ય કહેવાશે અને મશ્કરી પાત્ર લાગશો.

જો તમે ગુણોથી પરિપૂર્ણ છો, તો તમારે તમારા મુખે પ્રશંસા કરવાની શી જરૂર છે? લોકો એની મેળે જાણશે.

પૂ. ઉમાસ્વાતિજીએ એક શ્લોકમાં કહ્યું છે કે આત્મપ્રશંસાથી નીચ ગોત્રકર્મ બંધાય છે જેમાંથી કરોડો ભવે પણ છૂટવું દુષ્કર છે.

૧૮ મું અનાત્મશંસા અષ્ટક

P. 268

શ્લોક-૨

શ્રેયોદ્રુમસ્ય મૂલાનિ સ્વોત્કર્ષામ્ભઃ પ્રવાહતઃ
પુણ્યાનિ પ્રકટીકુર્વન્, ફલં કિં સમવાપ્સ્યસિ ૧૮-૨

શબ્દાર્થ: શ્રેય = કલ્યાણ; દ્રુમસ્ય = વૃક્ષનાં; મૂલાનિ = મૂળિયાંને; સ્વોત્કર્ષામ્ભઃ = પોતાના ઉત્કર્ષરૂપ પાણીના; પ્રવાહતઃ = પ્રવાહથી; પુણ્યાનિ = પુણ્યોરૂપી; પ્રકટીકુર્વન્ = પ્રગટ કરતો; ફલં = ફળ; કિં = શું; સમવાપ્સ્યસિ = પામીશ.

શ્લોકાર્થ: કલ્યાણરૂપી વૃક્ષના પુણ્યરૂપી મૂળિયાંને પોતાના ઉત્કર્ષરૂપી પાણીના પ્રવાહથી પ્રગટ કરતો તું શું ફળ મેળવીશ?

ભાવાર્થ: સાધકે આત્મપ્રશંસા ન કરવી જોઈએ તે એક રૂપક દ્વારા બતાવ્યું છે. કોઈપણ વૃક્ષને વાવ્યું હોય, તેના ઉપર માટી વગેરે નાંખીને જમીનને ઢાંકીએ તો કાલાંતરે અંકુરા ફૂટે, છોડ ઉગે, વૃક્ષ મોટું થાય અને ફળ મળે.

પરંતુ હજુ તો વૃક્ષના પુણ્યરૂપી મૂળિયા જરાક ઉંડા ગયા છે, તે વખતે આપણે આત્મપ્રશંસારૂપી પાણી એ મૂળિયાં ઉપર ધોધની જેમ રેડીએ તો આસપાસની માટી ધોવાઈ જશે અને મૂળિયા બહાર દેખાશે. જમીનનો આધાર ન મળતાં મૂળિયા ઢીલા પડી જશે અને કલ્યાણવૃક્ષ તૂટી જશે અને સુકાઈ જશે. ફળ નહિ મળે.

આ રૂપકથી ઉપાધ્યાયજી કહે છે કે સુકૃતરૂપી મૂળિયાં જમીનમાં ઊંડા જવા જોઈએ. તે દટાયેલા, ગુપ્ત રહેવા જોઈએ. એટલે તો કહે છે કે આત્મપ્રશંસા કરવારૂપ પાણીનું પૂર છોડવાથી તે મૂળીયા ઉઘાડા થતાં તું શું ફળ પ્રાપ્ત કરીશ?

જો વૃક્ષના મૂળીયા ઉઘાડા થઈ જાય તો તેનાથી ફળની પ્રાપ્તિ થતી નથી. માટે તું "પાણીનું પૂર છોડ નહીં". પોતાની આત્મપ્રશંસા કરવી, મેં આ કર્યું, મેં તે કર્યું એવી પ્રશંસા કરવી તે પાણીનું પૂર છે. તેનાથી કલ્યાણરૂપી વૃક્ષના મૂળિયાં ખુલ્લા થઈ જાય છે, વૃક્ષ ઉગતું નથી. માટે તું આત્મપ્રશંસા કરવી છોડી દે.

તત્ત્વદૃષ્ટિથી જોઈએ તો આત્મપ્રશંસા એ માનકષાયની પ્રવૃત્તિ છે એટલે કે પાપરૂપ છે અને અશુભ કર્મનો બંધ કરાવે છે. આપણે કરેલું સુકૃત કોઈને પણ જણાવવું નહિ. સુકૃતને ક્યારેય ખુલ્લુ ન કરાય. દાન પણ જાહેર ન કરવું અને તપ પણ ગુપ્ત રાખવો જોઈએ.

શ્લોક - ૩

આલમ્બિતા હિતાય સ્યુઃ, પરૈઃ સ્વગુણરશ્મયઃ
અહો સ્વયં ગૃહીતાસ્તુ, પાતયન્તિ ભવોદધૌ ૧૮-૩

<u>શબ્દાર્થ</u>: આલમ્બિતા = ગ્રહણ કરેલા, હિતાય = હિત માટે; સ્યુઃ = થાય છે; પરૈઃ = બીજાઓએ; સ્વગુણ = પોતાના ગુણરૂપી; રશ્મયઃ = દોરડાઓ; અહો = અહો!; સ્વયં = પોતે; ગૃહીતાસ્તુ = પરંતુ ગ્રહણ કરેલા તો; પાતયન્તિ = પાડે છે; ભવોદધૌ = ભવરૂપી સમુદ્રમાં

<u>શ્લોકાર્થ</u>: આત્માના ગુણોરૂપી દોરડાં જો પર વડે (બીજા દ્વારા) આલંબન રૂપે લેવાય તો કલ્યાણ માટે થાય છે, પરંતુ અહો આશ્ચર્ય છે કે પોતે જો તે ગ્રહણ કરે તો સંસારરૂપી સમુદ્રમાં પાડે છે.

<u>ભાવાર્થ</u>: સાધકમાં પ્રભુ કૃપાએ પ્રગટેલા જ્ઞાનાદિ ગુણોનું અન્ય ગુણાનુરાગી પુરુષો સ્મરણ કરે કે સ્તુતિ કરે તો તેમને તે ગુણો હિતકારી બને છે. ગુણ સ્તુતિથી ગુણોની વૃદ્ધિ થાય છે. આ રીતે આપણા ગુણોના આલંબનથી બીજાનો લાભ થાય છે.

પરંતુ તે જ પોતાના ગુણોની સાધક પોતે પ્રશંસા કરે કે બીજાના મુખે પોતાની પ્રશંસા સાંભળીને ખુશ થાય, તે ગુણોનું અભિમાન કરે કે "હું આવો જ્ઞાની છું, વક્તા છું, તપસ્વી છું" એમ વિચારે તો તે ગુણોની હાનિ થાય અને અનુક્રમે ગુણહીન બનીને ભવસાગરમાં ભટકતો રહે છે.

બીજા દ્વારા થતી સ્વગુણ સ્તુતિ — સ્તુતિ કરનારને ગુણકારી બની તારે છે અને પોતાને મુખે કરેલી સ્વગુણોની સ્તુતિ ભવસાગરમાં પાડે છે. તેથી મુમુક્ષુ સાધક બીજાના અલ્પ ગુણને પણ મોટો માની મહાન હર્ષથી પ્રશંસા કરે છે અને પોતાના અલ્પ દોષને પણ પર્વત જેટલો મહાન માની પોતાનો દોષ મુક્ત બનાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

ઉત્તમ પુરુષો પોતાના મુખે પોતાનું નામ-ઠામ પણ કહેતા નથી. અહીં ધવલશેઠે હલકા ભંડાળો દ્વારા <u>શ્રીપાળ મહારાજાને કુળનું કલંક આપ્યું હતું</u>. તે કાળે રાજાએ અનેકવાર પુછવા છતાં શ્રીપાળે પોતાનું નામ-ઠામ ન આપ્યું તે પ્રસંગને ધ્યાનમાં લઈને શ્રીપાળરાજાનું દૃષ્ટાંત સમજી લેવું.

તો પછી આત્મપ્રશંસા કરાય જ કેમ? માટે પોતે પોતાના ગુણ ગાવા — આત્મપ્રશંસા કરવી તે હિતકારી નથી.

ઉચ્ચત્વદૃષ્ટિદોષોત્થ, સ્વોત્કર્ષજ્વરશાન્તિકમ્
પૂર્વપુરુષસિંહેભ્યો, ભૃશં નીચત્વભાવનમ્ ૧૮-૪

શબ્દાર્થ: ઉચ્ચત્વ = ઉચ્ચપણું; દૃષ્ટિદોષોત્થ = દૃષ્ટિના દોષોથી ઉત્પન્ન થયેલ, સ્વોત્કર્ષજ્વર = પોતાના ઉત્કર્ષ (અભિમાન) રૂપી જ્વર, શાન્તિકમ્ = શાન્તિ કરનાર, પૂર્વપુરુષસિંહેભ્યઃ = પૂર્વ પુરુષરૂપી સિંહો દ્વારા, ભૃશં = અત્યંત; નીચત્વ = હીનત્વ, ન્યૂનપણું; ભાવનમ્ = ભાવના

શ્લોકાર્થ: પોતાના ઉચ્ચપણાના (હું કંઈક ઊંચો છું) દૃષ્ટિના દોષથી ઉત્પન્ન થયેલા સ્વઉત્કર્ષના જ્વરને શાંત કરવા, પૂર્વે થઈ ગયેલા સિંહ જેવા મહાપુરુષોથી પોતાની અત્યંત ન્યૂનપણાની (હું ઘણો નીચો છું - નાનો છું) ભાવના ભાવવી.

ભાવાર્થ: જ્યારે જ્યારે આપણને આપણી મોટાઈ દેખાય ત્યારે ત્યારે આપણાથી જે જે મોટા પુરુષો ભૂતકાળમાં થયા છે તેને નજરમાં લેવા, તેનાથી હું ઘણો નાનો છું એવું વિચારવું. કોઈપણ જો લીટીમાં એક નાની હોય અને બીજી મોટી હોય ત્યારે મોટી લીટીને કાપકૂપ કર્યા વિના નાની કરવી હોય તો તેની પાસે તેનાથી મોટી ત્રીજી લીટી દોરવી, તેની જેમ આ વાત છે.

કેટલીકવાર આપણામાં વિનયગુણ, તપગુણ, ક્રિયાગુણ, દાનગુણ વગેરે વિશિષ્ટ ગુણો આવ્યા હોય ત્યારે માન કષાય ઉછાળા મારે છે. હું ઊંચો છું, મોટો છું, મને બધું જ કંઠસ્થ છે, મેં આટલી ક્રિયા કરી છે, આટલું દાન કર્યું છે, આટલા ધર્મના કાર્યો કર્યા છે. આ રીતે પોતે જ પોતાના ગુણો ગાવા, બડાઈ મારવી, મોટાપણું દેખાડવું, વારંવાર પોતાની જ પ્રશંસા કરવી આ એક પ્રકારનો જ્વર (તાવ) છે. તેને શાંત કરવા માટે નીચેનો ઉપાય છે.

જ્યારે જ્યારે આ જીવને પોતાની મોટાઈ દેખાય ત્યારે ત્યારે "પૂર્વપુરુષો રૂપી સિંહોથી નાનાપણું વિચારવું." પૂર્વે થઈ ગયેલા અરિહંત ભગવંતો, ~~ગણધર~~ ગણધરભગવંતો, જંબૂસ્વામી, પ્રભવસ્વામી, ભદ્રબાહુસ્વામી, સ્થૂલિભદ્રજી, હરિભદ્રસૂરિજી, કલિકાલસર્વજ્ઞ અને યશોવિજયજી આદિ મહાપુરુષોથી હું ઘણો ઘણો (લાખોમા ભાગે) નાનો છું, એવું વિચારવું. એ મહાત્માઓ આગળ હું કંઈ જ નથી.

આમ, સ્વોત્કર્ષ અર્થાત્ પોતાના અભિમાનરૂપી તાવ જ્યારે આવે ત્યારે પૂર્વાચાર્યો, પૂર્વે થઈ ગયેલા મોટા મોટા મહાત્માઓના સ્મરણ રૂપી ઔષધ લેવામાં આવે તો એ તાવ તરત ઊતરી જાય છે.

૧૮ મું આત્મપ્રશંસા અષ્ટક p. 271

શ્લોક - ૫

શરીરરૂપલાવણ્ય ગ્રામારામધનાદિભિ:
ઉત્કર્ષ: પરપર્યાયૈ: ચિદાનન્દઘનસ્ય ક: ॥ ૧૮-૫

<u>શબ્દાર્થ</u>: શરીર-રૂપ-લાવણ્ય = શરીરનાં રૂપ અને લાવણ્ય; ગ્રામારામધનાદિભિ: = ગામ, આરામ (બગીચા-વાડી), ધન વગેરે દ્વારા. ઉત્કર્ષ = અભિમાન. પરપર્યાયૈ: = પરદ્રવ્યના પર્યાયો (ધર્મો) વડે. ચિદાનંદઘનસ્ય = ચિદાનંદ (જ્ઞાન અને આનંદ)થી પૂર્ણ એવા આત્માનો, ક: = શું?

<u>શ્લોકાર્થ</u>: ચિદાનંદથી પૂર્ણ એવા આત્માને શરીરના રૂપ, લાવણ્ય, ગામ, બગીચા (આરામ), ધન વગેરે પરપર્યાયો વડે શું અભિમાન હોય?

<u>ભાવાર્થ</u>: શરીર, રૂપ, લાવણ્ય, ગામ-નગર, ઉદ્યાનો, ધનસંપત્તિ વગેરે વસ્તુઓ આત્માનું સ્વરૂપ નથી, આત્માથી પરદ્રવ્ય છે અર્થાત્ પુદ્ગલદ્રવ્ય છે. જેમ વાદળો સૂર્યને ઢાંકે તેમ આ સર્વ પુદ્ગલદ્રવ્યો પરપદાર્થ હોવાથી આત્માના ગુણોને ઢાંકે છે. તેને પામીને અહંકાર કેમ કરાય? પરદ્રવ્યની વૃદ્ધિથી તો ઉપાધિની જ વૃદ્ધિ થાય છે. આત્મસ્વરૂપનો ઢંકાતું જ જાય છે, તો તેનાથી ઉન્માદ - અભિમાન કેમ કરાય?

શારીરિક રૂપ વગેરે સંસ્થાનનામકર્મ, નિર્માણનામ કર્મથી મળે છે. લાવણ્ય (કાંતિ), તેજ, બુદ્ધિ, ચતુરાઈ એ સૌભાગ્યનામકર્મના ઉદયથી થયેલો પર્યાય છે. પુરુષવેદ, સ્ત્રીવેદ રૂપે શરીરની આકૃતિ, મોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી શરીરની સુંદર અંગ-ઉપાંગની રચના રૂપ પરદ્રવ્યનો જ પર્યાય છે. આવી પૌદ્ગલિક પરવસ્તુઓ વધવાથી આત્માના સ્વરૂપનો શું વધારો થયો?

આત્માની સંપત્તિ અપાર છે અને નાશવંત નથી. આત્મા ચિદાનંદઘન છે, એટલે જ્ઞાન અને આનંદ વડે પરિપૂર્ણ છે. એવા આત્માને પરપર્યાયથી અભિમાન કરવાનું ક્યાંથી હોય? આત્માના આનંદની તોલે, પરપર્યાયથી પ્રાપ્ત થતો સ્થૂલ આનંદ કંઈ જ નથી.

સ્વપ્રશંસા સાથે પરનિંદા જોડાયેલી હોય છે. સ્વપ્રશંસા અને પરનિંદાનો આનંદ આવવા માંડે એટલે જ્ઞાનાનંદ ઓછો થતો જાય, પરંતુ એકવાર દૃષ્ટિ અંતરમાં સ્થિર થવા લાગે, પછી આ બધા બાહ્ય પદાર્થો ફિક્કા લાગે અને સામાન્ય માણસોને એની પાછળ દોડતા જોઈને હસવું આવે, કરુણા ઉપજે.

શુદ્ધાઃ પ્રત્યાત્મસામ્યેન, પર્યાયાઃ પરિભાવિતાઃ ;
અશુદ્ધાશ્ચાપકૃષ્ટત્વાત્, નોત્કર્ષાય મહામુનેઃ ॥ ૧૮-૬

<u>શબ્દાર્થ</u>: શુદ્ધાઃ = શુદ્ધ, પ્રત્યાત્મસામ્યેન = દરેક આત્મા (પ્રતિ+આત્મ = પ્રત્યાત્મ) માં સમાનપણે, પર્યાયાઃ = પર્યાયો, પરિભાવિતાઃ = વિચારેલા, અશુદ્ધાઃ = અશુદ્ધ, વિભાવ પર્યાયો, ચ = અને, અપકૃષ્ટત્વાત્ = તુચ્છ હોવાથી, ન = નહિ, ઉત્કર્ષાય = અભિમાન માટે, મહામુનેઃ = મહામુનિને

<u>શ્લોકાર્થ</u>: શુદ્ધ નયથી વિચારતાં શુદ્ધ પર્યાયો પ્રત્યેક આત્મામાં સમાન હોવાથી અને અશુદ્ધ નયથી વિચારતાં અશુદ્ધ પર્યાયો તુચ્છ હોવાથી મહામુનિને તે અભિમાન માટે થતાં નથી.

<u>ભાવાર્થ</u>: ~~આત્મામાં~~ પર્યાયો બે જાતના હોય છે એક શુદ્ધ અને બીજા અશુદ્ધ. એક જ દ્રવ્યના પર્યાયો શુદ્ધ કહેવાય છે. જેમકે પાણીમાં સ્વાદ કે વર્ણ તે શુદ્ધ પર્યાય. પરંતુ એક દ્રવ્યમાં બીજા દ્રવ્યની મિશ્રતાના કારણે બનતા પર્યાયો અશુદ્ધ કહેવાય છે. જેમકે પાણીમાં કાદવ-કચરો અથવા સાકર, દ્રાક્ષ વગેરે મિશ્ર કરવાથી મલિનતા અને સ્વાદિષ્ટતાના જે પર્યાયો બને છે તે અશુદ્ધ પર્યાય કહેવાય છે.

આત્માના શુદ્ધ પર્યાયોનો વિચાર શુદ્ધ નયની દૃષ્ટિથી થાય છે. દરેક આત્મામાં કેવલજ્ઞાનાદિ અનંતગુણો સત્તાથી એકસરખા છે. કોઈ ભેદભાવ, ઉચ્ચ-નીચપણું, ભારે-હલકાપણું હોતું નથી. બીજા આત્માઓ કરતાં પોતાના આત્મામાં કોઈ જ અધિકતા કે વિશેષતા દેખાતી નથી. જ્યાં બધા આત્માઓમાં સમાન ગુણો હોય ત્યાં ઉત્કર્ષ (અભિમાન) કેમ કરાય?

સાધુ મહાત્માઓને પણ પ્રભાવશાળી મુખમુદ્રા, શાસ્ત્રજ્ઞાન, આકર્ષક વ્યાખ્યાન-શૈલી, શ્રીમંત ભક્તો, વિશાળ શિષ્ય પરિવાર, મોટા મોટા ઉત્સવો, બેન્ડ-વાજા, વગેરે પુણ્યોદયથી પ્રાપ્ત થાય છે. આ બધી પુદ્ગલની શોભા છે, કર્મસત્તાના ખેલ છે અને અનિત્ય છે. એનાથી પ્રભાવિત થઈને અભિમાન કરવા જેવું નથી, કારણકે ઉપજેલું અભિમાન શાશ્વત નથી. મહામુનિને આ બધું તુચ્છ લાગે છે.

પાડોશીના ઘરના કચરા કરતાં તમારા ઘરમાં કચરો વધુ હોય તો તમે અભિમાન કરશો? કારણ કચરાને તમે તુચ્છ સમજો છો.

આમ શુદ્ધ પર્યાયોમાં સમાનતાનું દર્શન અને અશુદ્ધ પર્યાયોમાં તુચ્છતાનું દર્શન, મહામુનિને ઉત્કર્ષ (અભિમાન) ના ખાડામાં પડવા દેતું નથી. આત્માની સ્વભાવદશા અને વિભાવદશાનું ચિંતન એ લેશમાત્ર અભિમાન કરાવી શકતું નથી.

ક્ષોભં ગચ્છન્ સમુદ્રોઽપિ, સ્વોત્કર્ષપવનેરિતઃ
ગુણૌઘાન્ બુદ્બુદીકૃત્ય, વિનાશયસિ કિં મુધા ? ૯૫-૧

શબ્દાર્થ: ક્ષોભં = ક્ષોભને, વ્યાકુળતાને, ગચ્છન્ = પામતો, સમુદ્રોઽપિ = સમુદ્ર, મર્યાદાસહિત પણ; સ્વોત્કર્ષપવનેરિતઃ = પોતાના ઉત્કર્ષ (અભિમાન) રૂપી પવનથી પ્રેરિત થયેલો; ગુણૌઘાન્ = ગુણના સમૂહને, બુદ્બુદીકૃત્ય = પરપોટારૂપ કરીને; વિનાશયસિ = વિનાશ કરે છે; કિં = કેમ, મુધા = ફોગટ, વ્યર્થ.

શ્લોકાર્થ: સમુદ્ર અર્થાત્ મર્યાદા સહિત હોવા છતાં પણ પોતાના અભિમાનરૂપી પવનથી પ્રેરાઈને અને ક્ષોભ પામીને, ગુણના સમૂહને પરપોટારૂપ કરીને તમો વિના કારણ કેમ વિનાશ કરો છો?

ભાવાર્થ: મુદ્ અથવા મુદ્રાનો એક અર્થ થાય છે મર્યાદા. મર્યાદા સહિત એટલે સ + મુદ્ = સમુદ્ર. સમુદ્રને પણ ત્યારેક અભિમાન થાય છે, તે વખતે તે પવનની મદદ લે છે, અને પાણીના પરપોટા બનાવે છે. સમુદ્ર ફુલાય છે કે જુઓ, મારા ગુણોરૂપી પરપોટા કેવા સરસ લાગે છે! પરંતુ ક્ષણવારમાં પરપોટા નાશ પામે છે.

સંયમ સાધનામાં સદા સાવધાન સાધુ પોતાના વેષની મર્યાદામાં વર્તતા છતાં જો પોતાના ત્યાગ-તપની ઉત્કૃષ્ટતા જણાવે કે બીજા સાધુનો હલકો પાડે તો સ્વગુણના ઉત્કર્ષથી (અભિમાનથી) પ્રેરાઈ ક્ષોભ પામતા એમના હૃદય-સમુદ્રથી ગુણરત્નો બહાર ફેંકાઈ જશે.

સાધના અને સદ્ગુણો જેટલા ગુપ્ત રાખીએ એટલી તેની વૃદ્ધિ થાય છે. તેને પ્રકાશિત કરવાથી હાનિ થાય છે. તેથી ઉત્તમ પુરુષો કદી પણ પોતાની પ્રશંસા પોતાના મુખે કરતા નથી, પરંતુ અન્ય ઉત્તમ પુરુષોના સદ્ગુણો અને સુકૃતોની વારંવાર પ્રશંસા કરી, પોતાના પુણ્યને અત્યંત પુષ્ટ, પુણ્યાનુબંધી બનાવે છે.

૧૮મું અનાત્મશંસાષ્ટક

શ્લોક-૮

નિરપેક્ષાનવચ્છિન્નાનન્તચિન્માત્રમૂર્તયઃ

યોગિનો ગલિતોત્કર્ષાપકર્ષાનલ્પકલ્પનાઃ ૧૮-૮

<u>શબ્દાર્થ:</u> નિરપેક્ષ = અપેક્ષા રહિત, અનવચ્છિન્ન = દેશની મર્યાદા રહિત, અનન્ત = અનંત, કાળની મર્યાદા રહિત; ચિન્માત્રમૂર્તય = જ્ઞાનમય સ્વરૂપ છે જેઓનું, યોગિનઃ = યોગીઓ, ગલિતઃ = ગળી ગયું છે, ઉત્કર્ષ = અભિમાન, અપકર્ષ = હીનતા, ન્યૂનતા, અનલ્પ = અલ્પ નહિ, ઘણી; કલ્પનાઃ = કલ્પનાઓ.

<u>શ્લોકાર્થ:</u> અપેક્ષા રહિત, દેશની મર્યાદા રહિત, કાળની મર્યાદારહિત, જ્ઞાનમય સ્વરૂપ છે જેઓનું એવા અને ઉત્કર્ષ અને અપકર્ષની ઘણી કલ્પનાઓ ગળી ગઈ હોય છે એવા યોગીઓ હોય છે.

<u>ભાવાર્થ:</u> મુનિ આત્મશ્લાઘા રહિત હોવા જોઈએ એ વિષે ગ્રંથકાર પરમયોગીના લક્ષણ આપે છે.

(૧) <u>નિરપેક્ષ</u> : જે મહાત્માઓના હૃદયમાંથી પરદ્રવ્યની પ્રીતિ, પરદ્રવ્યપ્રાપ્તિનું લક્ષ્ય, પરદ્રવ્યની અપેક્ષા સંપૂર્ણપણે ચાલી ગઈ છે. આવા નિરપેક્ષ મુનિઓ હોય છે. કોઈપણ વસ્તુની અપેક્ષા ન હોવાથી દીન-ઉદાસ કે લાચારીવાળા હોતા નથી.

(૨) <u>અનવચ્છિન્ના</u>: રત્નત્રયીની સાધનામાં સતત-નિરંતર વર્તનારા હોય છે. ક્યાંય પણ વિરામ પામતા નથી. અટકતા નથી. વિશ્રાન્તિ લેતા નથી.

(૩) <u>અનન્તચિન્માત્રમૂર્તય</u>: કેવલજ્ઞાન, કેવલદર્શન વગેરે જ્ઞાન માત્ર રૂપ છે મૂર્તિ (આકાર) જેની અર્થાત્ સ્થૂલદેહ અને વર્ણાદિ પૌદ્ગલિક ગુણોથી રહિત કેવલ જ્ઞાનમય દેહવાળા મુનિઓ હોય છે અથવા યોગી દશામાં પણ ક્યારેય જ્ઞાનદશાથી મુક્ત થઈને વિભાવદશામાં નહીં જનારા એવા આ યોગીઓ હોય છે.

ઉપરના ત્રણ વિશેષણોથી સમજાય છે કે સ્વગુણના ઉત્કર્ષના અભાવ ઉપરાંત પરના અપકર્ષમાં પણ તેમને રસ નથી. પોતાની અધિકતા અને બીજાની ન્યૂનતા બતાવવામાં એમને રસ નથી. તેઓ તો સમગ્ર વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા ભાવથી નિહાળે છે. તેઓ જ્ઞાનની અને ચારિત્રની આદર્શ મૂર્તિસમા હોય છે.

આવા યોગી મહાત્માઓ જ્ઞાનની પરિણતિવાળા હોય છે અને પોતાના જ્ઞાન સ્વરૂપમાં જ મગ્ન હોય છે.